# “જોગી મહારાજ તો અનંત કોટિ બ્રહ્માંડનો વહેવાર ચલાવે એવા છે...!”

**“યજ્ઞપુરુષ ઉપનિષદ”** સદ્‌ગ્રંથમાં નીચે ઉલ્લેખ કર્યો છે તે એક પ્રસંગનું અત્યંત પ્રેરણાદાયી અને મહિમાસભર વર્ણન છે.

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ અમદાવાદમાં બિરાજમાન હતા. રઢુના તુલસીભાઈ, રેવાશંકર શુકલ, મગનભાઈ નરસિંહભાઈ પટેલ વગેરે હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરતાં સામે બેઠા હતા. સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતથી સૌ ચિંતિત હતા. તુલસીભાઈએ પ્રશ્ન પૂછ્યો, “સ્વામી, આપ આ લોકમાંથી ઉદાસ થઈને અક્ષરધામમાં જવાનો સંકલ્પ કરો છો, તો પછી અમારું શું ? વળી, કેટલાક એમ કહે છે કે, શાસ્ત્રીજી નહીં હોય પછી બધું પડી ભાંગશે. તેનું અમારે કેમ સમજવું ?” આ વાત અને પ્રશ્ન સાંભળી સ્વામીશ્રીની આંખો ચમકી ઊઠી અને તેમની અસ્ખલિત વાક્‌ધારા તેજના પ્રવાહની જેમ વહેવા માંડી : “આ સંસ્થા શ્રીજી મહારાજની છે તો એમને ચિંતા છે. અને મારા પછી જોગી મહારાજ તો છે જ ને ! જોગી મહારાજમાં તમારે પતિવ્રતાની ટેક રાખવી. હું તે જોગી ને જોગી તે હું. વ્યાસજીએ સંતમાં ભગવાનને અખંડ રહેવાનાં જે લક્ષણો ભાગવતમાં લખ્યાં છે તે કરતાં વિશેષ લક્ષણો હું જોગી મહારાજમાં દેખું છું.” ભાવિની ભીતર નીરખતા સ્વામીશ્રીનાં આ વચનોએ સૌને અવાક્ કરી દીધા.

પરંતુ, યોગીજી મહારાજના સાધુતાસભર વ્યક્તિત્વમાં કેટલાયને ભારોભાર ભોળપણ જણાતું હતું. આથી શાસ્ત્રીજી મહારાજના વિરાટ કાર્યના ભાવિ સુકાની તરીકે યોગીજી મહારાજને નીરખવાનું કેટલાકને માટે અઘરું હતું.

તેથી, એકવાર અમદાવાદના હરિભકત કોઠારી બબુભાઈએ સ્વામીશ્રીને કહ્યું, “આ જોગી તો ભલા-ભોળા છે, તો તમારી પાછળ સંસ્થા ચલાવે તેવો કોઈ સાધુ ઊભો કરો.” આ વાત સાંભળીને વેધક નજરે તેમની સામું જોતાં સ્વામીશ્રીએ કહ્યું, “બબુભાઈ, જોગી મહારાજને તમે કેવા જાણો છો ? એ તો અનંત કોટિ બ્રહ્માંડનો વહેવાર ચલાવે એવા છે. કામિલ, કાબિલ, સબ હુન્નર તેરે હાથ – એવા સર્વદેશી પુરુષ છે.”

ઉપરોક્ત બંને પ્રસંગો ઉપરથી અને વિશેષ કરીને બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ દ્વારા યોગીજી મહારાજ વિશે કહેવાયેલાં દિવ્ય અને અમૃત વચનો દ્વારા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના મહિમાની અલ્પ ઝાંખી થાય છે. બસ, થોડાંક જ વાક્યોમાં બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજના વિરાટ આધ્યાત્મિક સ્વરૂપનાં કેવાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં છે ! બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના એ પ્રત્યેક શબ્દો તે પછીનાં વર્ષોમાં સાકાર થયા એ ધરાતલ પર આજે આપણે સૌ તેનાં પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરી કેવી ધન્યતા અનુભવીએ છીએ ! ૧૯૫૧થી ૧૯૭૧ દરમિયાનના માત્ર બે જ દાયકામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ પૃથ્વી ઉપર જે અનુપમ અને અદ્વિતીય આધ્યાત્મિક ઉત્ક્રાંતિ (Spiritual Evolution) સુફલ બનાવી છે તેના ઉઘાડને પામવા ઓછામાં ઓછી બે શતાબ્દીઓ લાગશે.

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે પોતાનાં સંકલ્પ અને કૃપાશિષથી સાકાર કરેલી એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું એક દિવ્ય પરિમાણ એટલે ભગવા હૃદયના સાધુનાં સર્જન ! ભારતીય અધ્યાત્મનાં સર્વમાન્ય શાસ્ત્રોમાં જે ઉચ્ચતમ્ આધ્યાત્મિક દિવ્ય સ્થિતિ અને અવસ્થાની પરિકલ્પના કરવામાં આવી છે, તેને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ દ્વારા આ જ સંસારમાં સહજ જીવન જીવતાં જીવતાં પ્રત્યેક મનુષ્ય સિદ્ધ કરી શકે તેવો સુલભ ઉપાસનાપથ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ઉપલબ્ધ કરાવ્યો. શ્રી અક્ષરપુરુષોત્તમના અદ્વૈય તત્ત્વના સાંગોપાંગ અને સાકાર ધારક પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપની ગુરુહરિ યોગીજી મહારાજે સ્વયં ઝાંખી કરાવી, પોતાનાં અપાર રાજીપા અને હેત વરસાવી અનુપમ મિશનરૂપી એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પરિમાણને તેઓએ સુફલ અને સુલભ બનાવ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં અનુપમ મિશન અને સવિશેષરૂપે સ્વામિનારાયણ સંપ્રદાયના આદર, અહોભાવ અને જયઘોષ થઈ રહ્યા છે, તેમાં બ્રહ્મસ્વરૂપો ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનાં અનન્ય પ્રદાન છે. સંભવતઃ, કારણ કે આપણે હજુ આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિના સૂર્યોદયનાં માત્ર પ્રથમ કિરણોનાં જ દર્શન કરી રહ્યા છીએ તેથી આપણને તેનાં વિરાટ સ્વરૂપ તથા અપાર સંભાવનાઓના અણસાર સુદ્ધાં નથી. પરંતુ, એક સમય એવો પણ અવશ્ય આવશે જ્યારે વિશ્વના સમગ્ર અધ્યાત્મસાધકો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને સહસ્રાબ્દીઓના આધ્યાત્મિક યુગપુરુષરૂપે નતમસ્તકે પરમ ધન્યભાવયુક્ત હૃદયે શતશત કોટિ પ્રણામ ધરશે. એવા દિવ્ય ગુરુદેવ યોગીજી મહારાજના શ્રી ચરણોમાં તેઓશ્રીના ૧૩૩મા પ્રાગટ્યમંગલે અનંત કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! ◆

~ સાધુ મનોજદાસ

